# સદ્‌ગતના સ્મરણાર્થે અનોખું સેવાકાર્ય



નગરજન સ્વ. નરેશભાઈ ડી જોશીના સ્મરણાર્થે તેમના પરિવાર દ્વારા આંગળવાડીનાં બાળકોને ૬૦ લીટર જેટલું દૂધ અર્પણ કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાના સૌજન્યથી ચરેડી આંગણવાડીનાં બાળકોને આ દૂધ પહોંચતું કરવામાં આવ્યું હતું, જે મેળવીને બાળકોના ચહેરા પર તૃપ્તિનો આનંદ છલકાયો હતો.

### પુસ્તક પરબમાં મેયર

# સાહિત્ય અને સ્વચ્છતાને પોંખ્યાં





ગાંધીનગર, તા. ૪

દર મહિનાના પ્રથમ રવિવારે ગ-૪ સર્કલે યોજાતી પુસ્તક પરબમાં આ વખતે ગાંધીનગરના મેયર પ્રવીણભાઈ પટેલે ઉડતી મુલાકાત લઈ સૌને પોંખ્યાં હતાં. માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના નેજા હેઠળ પ્રજ્ઞાબેન પટેલ અને તેમના સહયોગી પુસ્તક પરબ જેવી સરાહનીય પ્રવૃત્તિ ચલાવે છે. આવનાર સર્વને બે પુસ્તક અને બે મેગેઝીન મફત આપવામાં આવે છે. પુસ્તક પરબની પવિત્ર સેવાકીય પ્રવૃત્તિમાં કવિ કિશોર જીકાદરા, આશાબા સરવૈયા, મૂળજી પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રોહા પરમાર, દિશાન્ત ગર્ગ, રણછોડ પરમાર, અશ્વિન ત્રિવેદી અને સંજય થોરાત વગેરે સભ્યો સક્રિય સહયોગ આપી પ્રવૃત્તિને ધમધમતી રાખે છે.

આ વખતે મોરબીના ધારાસભ્ય પદના ઉમેદવાર બ્રિજેશ મેરજા તથા એક ઓસ્ટ્રેલિયન મહેમાન સાથે મેયરે આવીને આ પ્રવૃત્તિને બિરદાવી હતી. 'સ્વચ્છ ભારત અભિયાન' માટે મેયર કેટલા કટિબધ્ધ છે તે એમણે માત્ર એક ફોન કૉલ પર આવીને તરત જ ઘ-૪ના સર્કલે ડમ્પ થયેલા કચરાને હટાવડાવી સાબિત કર્યું હતું. તેમણે પોતાનો અભિપ્રાય લાખીને પુસ્તક પરબમાં મદદરૂપ થવાની ખાતરી આપી હતી.

દર વખતની જેમ જ પુસ્તક પરબના સમાપન ટાણે કિશોર જીકાદરા-સ્વાતિ શુક્લએ ગઝલ રજૂ કરી હતી જ્યારે સંજય થોરાતે 'મેટિની શો' અને 'ઝભલું' જેવી વાર્તાઓ કહી હતી. સાહિત્યને સમર્પિત આ પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા પુસ્તક પરબની મુલાકાત લેવા જેવી છે.

## જન્મદિને વધામણી



વિહા પટેલ
ફોન : ૨૩૨૨૪૬૬૬



આરવ ભટ્ટ

## ડાયરેક્ટ ❤ સે

સાગર, નદી, સરોવર
ને આંખો...
પાણી બધે હોય છે
ફરક માત્ર ઊંડાણનો હોય છે...

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્યોની વણઝાર







શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૩૦ નવેમ્બરના દિવસે વનવાસી વિસ્તારમાં સેવાકાર્યોની વણઝાર સર્જવામાં આવી હતી. અણસોલમાં 'ચેતના કે સ્વર' નામની ગીતોની પુસ્તિકા ધોરણ-૭ના વિદ્યાર્થીઓને ભેટમાં આપવામાં આવી હતી. મિલિન્દભઆઈએ તે પૈકીનાં ૬ ગીતોનો રાગ બાળકોને શીખવ્યો હતો. ગઢિયા, સદ્રાલ, અભાપુર, મૂળીયા ટીંબા સ્કૂલનાં તમામ બાળકોને ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તેમને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. સાગડી પાડામાં ધોરણ-૫ થી ૭નાં ૧૧૦ બાળકોને ચોપડા તથા બે બોલપેન ભેટમાં આપવામાં આવી હતી અને ધોરણ-૧થી ૪નાં બાળકોને બિસ્કીટના પૅકેટ્સ આપવામાં આવ્યાં હતાં. મિલિન્દભાઈની સાથે સંસ્થા તરફથી ઉમેશ ઓઝા, પરમારભાઈ, કમલેશભાઈ આ સેવાકાર્યોમાં જોડાયાં હતાં.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
કહાની-૨
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ
(અંગ્રેજી, ૩ડી)
૨.૦૦, ૪.૦૦, ૮.૦૦
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ
(હિન્દી, ૩ડી)
૬.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડિયર જિંદગી
૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
ફોર્સ-૨
૭.૦૦

**સ્ક્રીન-૫**
કહાની-૨
૧૦.૦૦, ૨.૦૦,
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૬**
કહાની-૨
૫.૦૦
ફોર્સ-૨
સવારે ૧૦.૦૦
ડીયર જિંદગી
૧.૦૦

### દિવ્યાંગ ખેલાડીઓ માટેના

# રાજ્યકક્ષાના ખેલ મહાકુંભમાં શારદાબેન વિદ્યામંદિર ઝળક્યું

## લાંબી કૂદ, ઊંચી કૂદ, ચક્ર ફેંક, ભાલા ફેંક જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું નામ રોશન કર્યું

ગાંધીનગર, તા. ૪

દિવ્યાંગ ખેલાડીઓ માટે રાજ્યકક્ષાના ખેલ મહાકુંભમાં સદવિચાર પરિવાર સંચાલિત શ્રી શારદાબેન કાંતિલાલ દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર, ઉવારસદના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ રમતોમાં વિજેતાક્રમ પ્રાપ્ત કર્યા છે.

લાંબીકૂદની રમતમાં રાકેશ ભટ્ટ, ગોળાફેંકમાં જીલુ લાખણોત્રા, ઊંચી કૂદમાં પ્રવીણ ચામડીયા અને ભાળા ફેંકમાં ગોપાલ સોલંકીએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

૧૦૦ મીટર દોડમાં પ્રદીપ જોળીયા અને રાકેશ ભટ્ટ, લાંબી કૂદમાં બિજલ લોહ, ચક્ર ફેંકમાં પ્રદીપ જોળીયા, ૧૦૦ મીટર ટ્રાયસીકલમાં રવિ સોમેશ્વરા, ચક્ર ફેંકમાં રામસૂરજ બેમનરામ, ગોપાલ સોલંકી અને ભાલા ફેંકમાં રવિ સોમેશ્વરાએ દ્વિતિય સ્થાન હાંસલ કર્યું હતું. તથા ઊંચી કૂદમાં પ્રદિપ સાકરિયા, ભાલા ફેંકમાં હાર્દિક ચુડાસમા અને હર્ષદ ચૌહામે તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

રાજ્યકક્ષાએ વિદ્યાર્થીઓએ મેળવેલી આ સિદ્ધિ બદલ સદવિચાર પરિવાર, શાળા પરિવાર તથા ટ્રસ્ટી મંડળ દ્વારા ગૌરવની લાગણી વ્યક્ત કરવામાં આવી છે તથા વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે આ સિદ્ધિ પ્રાપ્ત કરનારા સૌ ખેલવીરોને શાળા પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

### સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરનું ગૌરવ : પિયુષ



ગાંધીનગર, તા. ૪

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સૅક્ટર-૭ના ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પિયુષ વાઘેલાએ ગુજરાત સ્ટેટ ટે-ક્વોન-ડો એસો. દ્વારા રતલામ ખાતે આયોજિત ૨૯મી જીત કુને ડો નેશનલ ચેમ્પિયનશીપમાં પ્રથમ ક્રમે વિજયી બની ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. શાળાનું ગૌરવ વધારનાર આ વિદ્યાર્થીને કોચિંગ અને માર્ગદર્શન શાળાનાં આચાર્ય વનિતાબેન બુટાણી, વ્યાયામ શિક્ષક રમેશભાઈ સોલંકી અને કોચ પ્રજ્ઞેશ મેસરિયા દ્વારા પ્રાપ્ત થયું હતું. આ ગૌરવવંતા ખેલાડીને શાળા પરિવાર ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પણ અભિનંદન પ્રાપ્ત થયા છે.




સ્માર્ટ કીડઝ નર્સરી સ્કુલ (સે-૧)માં બે દિવસની સ્પોર્ટ ડે ઈવેન્ટ ઉજવવામાં આવી હતી. જેમાં અઢી થી પાંચ વર્ષના બાળકો અને એમના વાલીગણે ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ક્રિકેટના ઈતિહાસમાં કદાચ આ પ્રથમ વખત આટલા નાના બાળકોની ક્રિકેટ પ્રિમીયર લીગ યોજવામાં આવી હતી. આટલી નાની વયમાં રમતગમત માટેની જાગૃતિ, સ્વાસ્થ્ય જાગૃતિ આવી રમત દ્વારા જ શકય છે. દુનિયામાં કઈ રમત કેવી રીતે રમાય છે તેની માહિતી બધા જ સ્માર્ટકીડઝ પાસે છે એ સૌએ આ પ્રસંગે અનુભવ્યું હતું.

# હસમુખું, નિર્દોષ, નિર્ભેળ, પવિત્ર, લુભાવન બાળપણ !

મારું બાળપણ બૉમ્બેના માટુંગા શહેરમાં વિત્યું. શિયાળામાં વહેલી સવારે મિત્રો સાથે દરિયા સુધી દોડતાં જવું, દરિયાની રેતીમાં ક્રિકેટ રમવું, સ્કૂલ છૂટ્યા પછી ઘરઆંગણના મેદાનમાં મારદડી, મોઈ દાંડિયો, લખોટી, લંગડી, નારગોળી, હુતુતુતુ, રવિવારે અને રજાના દિવસે શિવાજી પાર્કમાં ક્રિકેટ રમવું વિગેરે યાદ આવે છે. શાળાના ઉપલા વર્ગમાં જતાં આ રમતો રમવામાં સાધારણ ઘટાડો થયો. કૉલેજકાળમાં આવી રમતો રમવાનું પ્રમાણ ઘણું ઓછું થયું, જ્યારે સરકારી સેવાને લીધે તેમજ ગુજરાતી હોવાને કારણે નવા ગુજરાત રાજ્યમાં સને ૧૯૬૦માં અમદાવાદ ટ્રાન્સફર થવાથી મિત્રો, સમય તથા સ્થળના અભાવે આવી બધી રમતો રમવાનું બંધ થયું. કવચિત પૌત્રો, પૌત્રી સાથે આવી રમતો અંગે સંવાદ થતાં, પ્રશ્નો કરતાં કે દાદા, આવી રમતો રમાડી હતી ?

આધુનિક યુગમાં તો આ રમતો સાવ ભુલાઈ ગઈ છે. કોઈ-કોઈ વખત ફૂરસદના સમયે આ રમતો અંગે વિચાર કરતાં પહેલાં કૃષ્ણ-સુદામાના ગીતની પંક્તિ યાદ આવે છે, 'બાળપણાની પ્રીત કેમ વિસરે રે...' બાળપણમાં આવી રમતો રમાતી તે કેમ ભુલાય !

**- નિરંજન ઓઝા**
**સેક્ટર-૨ અ**

## રે બાળપણ !

એ બાળપણ, ઓહ બાળપણ, રે મારું બાળપણ !
નર્યું ભોળપણ, નિતાંત સુંદર, ક્રિસ્ટલ ક્લિઅર !
હસમુખું, નિર્દોષ નિર્ભેળ, પવિત્ર, લુભાવન બાળપણ !
તૃણશું કોમળ, ખુલતી કળીશું, નાની વાદળીશું બાળપણ !
સાચું જ એ; કુદરતે લખ્યો માનવજાત પર પ્રેમપત્ર એ,
ઝરણું બની વહે, પતંગા બની ઊડે, મ્હેક બની પ્રસરે એ !
નહીં દુનિયાદારી, નહીં જવાબદારી, કશી ન સમજદારી !
પ્રેમ અર્પે સૌ હૈયાનો, લગાવી ઊરે, ભૂલે સૌ દુખો ભારી.
અબજોની સંપતિ લઈ લે પ્રભુ, સત્તા, ગાદી, કીર્તિ લઈ લે,
અપાવી દે ફરી બાળપણ, રે ઈશ્વરીય એ બાળપણ.

**- કે એસ ત્રિવેદી 'વિયોગી'**

## સંવેદના
### મારું મધુરું બાળપણ

કડી તાલુકાના મોકાસણ ગામે વિતાવેલું મારું મધુરું બાળપણ એ જીવનની યાદો છે. બાળપણમાં હું મારાં ગંગાબાને પૂછતો, મામાનું ઘર કેટલે ? ગંગાબા કહેતાં, દીવો બળે એટલે. દર મહિને ગંગાબા મામાના ઘેર રંગપુરડા લઈ જતાં. વહાલાં મામી ભાણાભાઈ-ભાણાભાઈ બોલી પેટીમાંથી ચંદીનો એક રૂપિયાનો સિક્કો મને આપતાં તે મને બરાબર યાદ છે. સૌથી મોટાં બહેન શકરીબેન અને બનેવી વિસદાસ સ્વભાવે સરળ, માયાળુ અને શ્રમજીવી. તેમના ઘેર સેદરડી જવાનું થાય ત્યારે ઓરડાના ખૂણામાં પિત્તળના ડબ્બામાં ભરેલો ગોળ ભાંગી-ભાંગીને ખાવાની મજા પડતી. બીજાં મોટાં બહેન ચંપાબેનના ઘેર વીડજ જતો ત્યારે શ્રીખંડ, કેરીનો છુંદો, અથાણું ખાવાની મજા પડતી.

સંયુક્ત કુટુંબમાં બાળપણનો ઉછેર થયો. ખેતી, પશુપાલન કુટુંબનો વ્યવસાય. મોટાભાઈ ડાહ્યાભાઈ સવારે ચાર વાગે સાંતી જોડે ત્યારે બે બળદના ઘૂઘરાનો અવાજ અને રેકડિયાના પૈડાંનો કચર-કચર અવાજ સાંભળવા મળતો. સંતોકબેનની સાથે સવારે ૭ વાગે શીરામણી ડાહ્યાભાઈને આપવા ખેતરમાં જવાનો લ્હાવો લીધો છે. કોડિયામાં વાટ સળગાવી ઘરમાં અજવાળું કરાતું, ફાનસનો ઉપયોગ ભાગ્યે જ કરાતો. આંતરે દિવસે વહેલી સવારે પાંચ વાગે વલોણું થતું. વલોણું કરતી મેનાબેન અને સમુબેન મને કહેતાં, વલોણું બોલે ઘમ-ઘમ, છાશ બેલે છમ-છમ. વલોણું પૂરું થાય ત્યારે ગોળીમાંથી માખણ કાઢી બાજરીના રોટલા ઉપર ચોપડીને ખાવાની મજા માણી છે. એ સુટેવથી આજે પણ હું ક્યારેય ફાસ્ટ ફૂડ ખાતો નથી. દરરોજ ખેતરો ખૂંદવાનો અવસર મળતો. મગફળીના છોડ ઊંચા કરી કૂણી કૂણી મગફળી ખાવી, શક્કરિયાં સાંઠેકડીથી ખોદીકાઢી ખાવાં, પપૈયાની વાડીમાં લાલાશ પડતાં કાચાં-પાકાં પપૈયાંની ચીરી બડ-બડ ખાવી, મગ, તુવર, ચોળીના છોડ ઉપરની શીંગો તોડીને ખાવી, રીંગણના છોડ ઉપરથી નાનાં કૂણાં રીંગણ તોડીને ખાવાં, બાજરી-ઘઉંનો પોંખ પાડી ગરમ-ગરમ ખાવો...

દિવાળીના દિવસોમાં ગામની શેરીમાં અંબાબેન સાથે શેરી ગરબા, ઘડુલિયા જોવા જતો. ઉત્તરાયણે દોરીની એક નાની દડીથી ફૂદી પકડીને દોડવાની મજા, પેચ ના થાય તેની ખાસ કાળજી, બેસતાં વર્ષે ઘેર-ઘેર જઈ જય શ્રી રામ, જય શ્રીકૃષ્ણ બોલી ચપટી ખાંડ વાડકામાં ઉઘરાવી વાડકો ભરાય એટલે ઘેર ઢાલો કરી ફરી પાછા તે જ. ખોડિયારા માતાના ગોખલે દીવો કરવા જવો અને રોજ સંધ્યાએ રામજી મંદિરનો શંખાનદ થાય ત્યારે ઘેરથી ગપટી મારી રામજી મંદિરે જતો. મારી તૂરી તરગાડા આવે ત્યારે હૈયું આનંદ કિલ્લોલથી ભરાઈ જતું. ભવાઈ અને નાટકો જોવાની મજા પડતી.

બાળપણના બાળમિત્રોમાં અજીત, દશરથ, શંભુ, બચુ, નંદુ, મોહન, દેવુ, રણજીત, અમૃત બધા ભેગાં મળી સાતેલી, ભમરડો, ગિલ્લી દંડો, થપ્પો, ડબલ હેન્ડ, રામ-રાવણ જેવી સ્વદેશી રમતો રમી તન, મન, મજબૂત બનાવતા. એકવીસ દિવસ સતત વરસાદ પડે, વરસાદની હેલી થાય, ઝરમર ઝરમર વરસાદ ચોવીસ કલાક વરસે, તળાવો-કૂવા પાણીથી છલકાઈ જાય તે જોયાં છે. બાળપણમાં તરતાં શીખ્યા છીએ, છલોછલ પાણીથી ભરાયેલા તળાવમાં....

શબ્દોની મર્યાદાએ કલમ અટકાવું છું પણ લાગણીઓ અટકતી નથી મધુરા બાળપણની યાદે....

**- પ્રા. રમેશભાઈ મ પટેલ**
**ગૌસંવર્ધન કેન્દ્ર, સાદરા**

દિવાસ્વપ્નમાં ખોવાઈ ગયો આજે, મરકી જવાયું મનમાં આજે
બની ગયો નાનકો આજે, સાત વરસનો નિશાળિયો આજે
પાટીપેન સાથે દેશીઆંકની ચોપડી નાંખી દફતરમાં જતો નિશાળે
શીખતો કક્કો બારાખડી ને ઘડિયાં, ભણતો ભાર વગરનું ભણતર
અમથું ખોટેખોટું રડીને, ધાર્યું કરાવતો મારું ત્યારે
બહાનું કાઢીને પેટમાં દુઃખાવાનું, નિશાળે જવાનું ટાળતો ત્યારે
રમતો ધૂળમાં મસ્તીથી જ્યારે, ચૂપકીથી ખાતો માટી ત્યારે
ધબ્બા પડતા બાપુજીના જ્યારે, ભેંકડા તાણી રડતો ત્યારે
વાંકું પડતાં ઝઘડી પડતો, ભરી બટકાં ઘરમાં છુપાતો
હોતી બા ઉપરાણું જ્યારે, ફરિયાદીને ડીંગો બતાવતો ત્યારે
ઘર-ઘરની રમત રમતા, વરણાગી વર બની રિસાઈ જતો
કરાવે બુચ્ચા વહુરાણી જ્યારે, થઈને ડાહ્યો માની જતો
સોહામણી સોનવર્ણી જીવનસંધ્યાએ, માણું નિવૃત્તિનો અખંડાનંદ આજે
અતિતની અટારીએથીત નિરખું આજે, મીઠુંમધુર મારું બાળપણ આજે

**- ઈશ્વરલાલ દેવશંકર જોષી, સેક્ટર-૪ ડી**